# ચૌદમી ગુજરાત વિધાનસભા

## કામકાજ સલાહકાર સમિતિ

## નવમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો નવમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર, તા.૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ સવારે ૧૧–૦૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ)માં ગુરુવાર, તા.૨૪/૦૯/૨૦૨૦ના રોજ દર્શાવેલ બિન–સરકારી કામકાજ રદ કરવું અને તેના સ્થાન ઉપર સરકારી કામકાજ હાથ ધરવું.

**૨.** નિયમ–૧૨૦ અન્વયેનો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો સરકારી સંકલ્પ તા.૨૧/૦૯/૨૦૨૦ના રોજ બીજી બેઠકમાં પ્રથમ હાથ ધરવો તથા તેના પર ચર્ચા માટે ૧૫૦ મિનિટનો સમય ફાળવવો.

**૩.** સોમવાર, તા.૨૧/૦૯/૨૦૨૦ના રોજ બીજી બેઠકમાં નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૦નું ગુજરાત, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓ તથા વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૦નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૦નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક.

**(૨)...**

**૪.** મંગળવાર, તા.૨૨/૦૯/૨૦૨૦ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૦નું ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૨૦નું ઔદ્યોગિક તકરાર (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૦નું કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૦નું કારખાના (ગુજરાત સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૦નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયક.

**૫.** બુધવાર, તા.૨૩/૦૯/૨૦૨૦ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૨૦નું ગુજરાત ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ (અટકાવવા બાબત) વિધેયક.

(૨) સન ૨૦૨૦નું અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન વિધેયક.

(૩) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૨૦નું બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક.

**૬.** ગુરુવાર, તા.૨૪/૦૯/૨૦૨૦ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૦નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વિધેયક.

(૨) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૨૦નું સ્મોલ કોઝ કોર્ટ કાયદા (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૦નું ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૦નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક.

**૭.** શુક્રવાર, તા.૨૫/૦૯/૨૦૨૦ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૨૦નું ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૨૦નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૦નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૦નું ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયક.

(૫) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૨૦નું ગુજરાત કાકવી (નિયંત્રણ) (રદ કરવા બાબત) વિધેયક.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦**

**રાજેન્દ્ર ત્રિવેદી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ**